આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫૦ | ૯ ઓગષ્ટ, ૨૦૧૩, શુક્રવાર; શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ઘણી વખત માણસને શું ગુમાવ્યું છે તેનો અહેસાસ ઘણું બધું મળી ગયા પછી થતો હોય છે

- મરાઠી કહેવત

# મિલ્કતવેરા-વ્યવસાય વેરાના રિ-સર્વેના સંકેતો

## ઘરવેરીફીકેશન પ્રોજેક્ટ મુલ્તવી રાખવા મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં નિર્ણય કરાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરા તેમજ વ્યવસાય વેરા માટે રીસર્વેની કામગીરીના સંકેતો સાથે આજે ઘર વેરીફીકેશન હાથ ધરવાનો પ્રોજેક્ટ મુલ્તવી રાખવાનો મહત્વનો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો છે.

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં ઘર વેરીફીકેશનનો પ્રોજેક્ટ વધુ અભ્યાસ માગી લે તેવો હોવાથી મુલ્તવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું સત્તાવાર જાહેર કરવામાં આવ્યું છે. જો કે તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મિલ્કતવેરા તેમજ વ્યવસાય વેરાની જે વસુલાત છે તે રિસર્વે માંગી રહી છે ત્યારે આ બધી જ બાબતોને આવરી લઈ એક વિસ્તૃત સર્વે કરાવવા માટે પ્રાથમિક વિચારણા હાથ ધરાઈ છે.

મળતી વિગતો પ્રમાણે ઘર વેરીફીકેશન પ્રોજેક્ટ અંતર્ગત જે સર્વે કરવામાં આવનાર છે તેમાં આવકના સ્ત્રોત, પાણીની સુવિધા, ઈલે. મોટર્સનો ઉપીયોગ સહિતના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે. આજે સ્થાયી સમિતિની બેઠકમાં આ વેરીફીકેશન પ્રોજેક્ટના સર્વેનો મુદ્દો આવતાં જ સભ્યોએ તેમાં અભ્યાસ જરૂરી હોવાનું જણાવ્યું હતું.

એક તબક્કે આ કામગીરીમાં કોર્પોરેશન પર આર્થિક ભારણ ન આવતુ હોવાની દલીલ રજુ થઈ હતી. સભ્યોએ કહ્યું કે આ નંબર પ્લેટ લગાવવા માટે કોઈ સ્પોન્સરશીપ ન મેળવી શકાય તો લોકો પર પણ તે ભારણ ન આવે આ શક્યતા ચકાસવી જોઈએ.

બીજુ વ્યવસાય વેરાની આવકને વધુ અસરકારક બનાવવી જરૂરી છે તેમજ સર્વેમાં તમે કાર્પેટ એરિયા સહિતની વિગતો માંગી રહ્યા છો તો રીસર્વે માટે બજેટમાં જોગવાઈ પણ કરેલી જ છે. વિસ્તૃત સર્વે કરાવી આગળ વધવુ જોઈએ તેવો મત સભ્યોએ રજુ કર્યો હતો.

ગાંધીનગર શહેરમાં આવાસોને નંબર આપવા માટેના પ્રોજેક્ટમાં વધુ અભ્યાસ જરૂરી હોવાનું કહી આજની સ્થાયી સમિતિની બેઠકમાં તે મુદ્દો મુલ્તવી રાખવામાં આવ્યો હતો.

રાજ્યના મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ દ્વારા સૂચિત પ્રોજેક્ટ હાથ ધરવા માટે કોર્પોરેશનને ભલામણ કરાઈ હતી. આજે સ્થાયી સમિતિના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ

● અનુસંધાન પાન-૭ પર

**વેચવાનો છે**

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવેશ બોરીજ રાધા- II ફ્લેટ, જૈન દેરાસરવાળા ખાંચામાં અક્ષરધામ નજીક બે રૂમ રસોડાનો ગ્રાઉન્ડ ફ્લોર પાછળ જગ્યાવાળો, ટોરેન્ટ લાઈટ, જી.એસ.પી.સી. ગેસ કનેકશન ધરાવતો ફ્લેટ વેચવાનો છે.

સંપર્ક : ૯૭૨૭૦૨૮૯૮૫
૭૬૯૮૫૧૪૧૭૮, ૯૪૨૭૫૨૬૯૨૦
















ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧